જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૨/૨૦૨૨ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૦૫/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૯	3	૧૧૭૪૨	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦૩	૦	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૩૩૪૦	૯૦	૮૩૪૩૦	૮૪૩૩૫	૮૬	૮૪૪૨૧
કુલ		૯૯૯૪૧	૯૩	૧૦૦૦૩૪	૧૦૮૮૬૮	૮૬	૧૦૮૯૫૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૪	૫,૦૪,૩૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૬૧	૭,૬૧,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૦૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૨૦૭ લીટર દેશી દારૂ, ૪૯૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ રિક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૬૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૦૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- **સમાચાર યાદી નં.૩૦૮/૨૦૨૨**

નવરંગપુરાઃ સંદિપ પ્રધ્યુમનસિંગ ગ્રોવર (ઉ.વ.૫૨)(રહે.કાસા સેન્ટર સારાભાઇ કંપાઉન્ડ વડી વાડી વડોદરા) એ તા.૧૪/૦૨/૨૦૨૨ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૨૧ માહે ઓકટોબરમાં ટાઈમ્સ ઓફ ઈન્ડીયામાં ગોવા ફરવા જવા માટે અલગ-અલગ પેકેજની જાહેરાત જોઈ ગોવા ફરવા જવા માટે જાહેરાતમાં આપેલ સંપર્ક નંબર ઉપર સંદિપ ગ્રોવરે સંપર્ક કરતા તેઓએ કોડીકા ક્રુઝમાં કામ કરતા વ્યક્તિનો સંપર્ક કરવાનુ જણાવતા કોડીકા ક્રુઝમાં કામ કરતા વ્યક્તિનો સંપર્ક કરતા તેઓએ અમદાવાદ આશ્રમ રોડ એચ.કે.કોલેજ ચીનુભાઈ ટાવર ૭૨ ઓફીસ ખાતે મોબાઈલ નંબર ૯૮૭૩૯૮૩૮૨૪ ઉપર સંપર્ક કરવાનુ જણાવતા સંદિપ ગ્રોવરે તા.૦૩/૧૦/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૯૮૭૩૯૮૩૮૨૪ ઉપર સંપર્ક કરતા જીગરભાઇ જયંતિલાલ પટેલ અને લવ શર્મા (રહે. અનમોલ ચેમ્બર્સ ન્યુ રાણીપ અયોધ્યાનગર સોસાયટી રાણીપ અમદાવાદ) નામની વ્યક્તિ સાથે વાત કરતા કોડીકા ક્રુઝ સીપમાં મુંબઇ થી ગોવા લઇ જવાનો વિશ્વાસ અને ભરોસો આપી સીપના ટીકીટના રૂપિયા ૨,૭૯,૦૦૦/- મેળવી લીધા હતા. ત્યારબાદ નક્કી થયેલ તારીખે સીપ કેન્સલ થઈ હતી. જે સીપ કેન્સલ થતા ટીકીટના પૈસા જીગરભાઇ જયંતિલાલ પટેલ અને લવ શર્માએ મેળવી લઈ સંદિપ ગ્રોવરને આજદીન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.જે.ચુડાસમા ચલાવે છે.

નિકોલઃ જીગ્નેશ સ/ઓ ઉષાકાન્ત મણીયાર (ઉ.વ.૪૧) (રહે. અક્ષરધામ રેસીડન્સી વંસતવિહાર બંગ્લોઝ સામે નવા નિકોલ) એ તા.૧૪/૦૨/૨૦૨૨ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે દોઢ વર્ષ અગાઉ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નિકોલ મલ્ટી સ્પેશયાલીટી હોસ્પીટલ ખાતે આરોપી ડોક્ટર (૧) નરેશભાઈ ભોળાભાઈ વાવડીયા (રહે. આર્દશ ફલોરા એસ.પી.રીંગ રોડ નિકોલ) ડોક્ટર (૨) ભાવિક અરવિંદભાઈ કાનપરિયા (રહે. ઈન્દ્રવિહાર સોસાયટી નિકોલ) અને (૩) ઘનશ્યામભાઈ કિશોરભાઈ ગેડીયા (રહે. આશિર્વાદ એવન્યુ બી.એન.બી હોટલ નજીક નિકોલ રીંગ રોડ) એ ભેગા મળી જીગ્નેશ મણીયારને નિકોલ મલ્ટી સ્પેશયાલીટી હોસ્પીટલની અંદર લેબોરીટરી ખોલવાનો કોન્ટ્રાક્ટ આપવાનું કહી વિશ્વાસમાં લઇ જીગ્નેશ મણીયાર પાસેથી રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- મેળવી લઇ લેબોરીટરીનો કોન્ટ્રાકટ નહી આપી તેમજ આપેલ નાણાં પરત નહી આપી ધમકી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એલ.સીસોદીયા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૩૦૯/૨૦૨૨**

બાપુનગરઃ અમરચન્દ રામદેવજી પહાડીયા (રહે. ગીરીવર ગેલેક્ષી માધવ સ્કુલ પાસે વસ્ત્રાલ) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૨/૨૦૨૨ બપોરના ૪/૦૦ થી ૪/૪૫ વાગ્યા દરમ્યાન બાપુનગર ગુજરાત બોટલિંગ ગજાનંદ એસ્ટેટ પાસે ગણપતી એન્ટર પ્રાઈઝ નામની દુકાન આગળ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.પી.ગઢવી ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૩૧૦/૨૦૨૨**

સાબરમતીઃ સાબરમતી ગાંધીવાસ-૨ કાળકાનગરની ચાલી ખાતે રહેતા હસમુખભાઈ પરમાર નાઓની નવ મહીનાની પુત્રી ઉર્મીલા તા.૧૪/૦૨/૨૦૨૨ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રમતા રમતા માથાનો ભાગ અર્ધ ભરેલ પાણીની ડોલમા પડી જતા પાણી પી જતા સારવાર માટે પુખરાજ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેને મૃત જાહેર કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી હર્ષદકુમાર ચંદુલાલ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૩૧૧/૨૦૨૨**

સોલા હાઈકોર્ટઃ કમળા અમૃતભાઈ પરમાર (ઉ.વ.૨૦) (રહે. બળીયાદેવની પાછળની લાઈન મલાવ તળાવ થલતેજ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૨/૨૦૨૨ રાતના ૮/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પતરાના લોખંડના એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.આર.અકબરી ચલાવે છે.

નવરંગપુરાઃ યોગેશભાઈ બાબુભાઈ ઠાકોર (ઉ.વ.૨૭) (રહે. ઠાકોરવાસ નવરંગપુરા ગામ નવરંગપુરા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૨/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.